વિદ્યાર્થીઓને માર્કશીટ સ્વપ્રમાણિત
કરવાની સવલત આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપરચ.૧૧૨૦૦૭/૩૩૨/વ.ર
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૩/૫/૨૦૦૭

ઠ રાવઃ-

શાળા કોલેજોના વિદ્યાર્થીઓને આગળના વર્ગમાં પ્રવેશ સમયે ફોર્મ વગેરે ભરતી વખતે જે હાલાકી ભોગવવી પડે છે તે ઘટાડવા શાળા / કોલેજોમાં પ્રવેશ સમયે અગાઉના ધોરણની માર્કશીટ જાતે પ્રમાણિત કરી શકે અને આ જાતે પ્રમાણિત કરેલ માર્કશીટ શાળાના આચાર્ય સ્વીકારે અને જયારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફી વિગેરે સ્વીકારતી વખતે વિદ્યાર્થીઓના અસલ પ્રમાણપત્રો / માર્કશીટ ચકાસીને પ્રવેશ આપી શકે તે પ્રમાણે રાજયની શાળાઓ અને કોલેજોમાં કાર્યવાહી કરવામાં આવે બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. રાજય સરકાર આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ઠરાવે છે કે વિદ્યાર્થીઓને શાળા કોલેજોમાં પ્રવેશ સમયે રજૂ કરવાનાં પ્રમાણપત્રો / માર્કશીટ સ્વપ્રમાણિત કરવાની સવલતો આપવી અને જયારે પ્રવેશ આપવાનો નિર્ણય લેવાય ત્યારે ફી ભરતી વખતે મુળ પ્રમાણપત્ર / માર્કશીટ ચકાસવાનું રાખવું.

આથી શિક્ષણ વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓને સૂચિત કરવામાં આવે છે કે તેઓએ ઉપરોક્ત વિચારણાને અનુલક્ષીને તમામ શાળાઓ / કોલેજો( અનુદાનિત સહિત) પ્રવેશ સંસ્થાઓમાં પ્રવેશ સમયની કાર્યવાહી ઉપર મુજબ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ.આર.ત્રિવેદી
સરકારના નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.ના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાશ્રીઓ,
વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઇલ.